| GJSR130001662024 | RECEIVED ON | 12-12-2024 | | |
|---|---|---|---|---|
| | REGISTERED ON | 12-12-2024 | | |
| | DECIDED ON | 06-04-2026 | | |
| | DURATION | DYS. | MTHS. | YRS. |
| | | 25 | 03 | 01 |

**સુરતની બીજી ઔદ્યોગિક અદાલતના સભ્યશ્રી ડી.જે. ચૌહાણ સમક્ષ, મુ.સુરત.**

**અપીલ (આઈ.સી.) નં.૪૨/૨૦૨૪**
**ઈન**
**ટી. અરજી નં. ૪૨૮/૨૦૧૩**
**આંક–૦૯**

**એપેલન્ટ :– નવાઝ સિલ્ક મિલ્સ.**
ઠે. બ્લોક નં.૪૪૯/એ, પ્લોટ નં.૧૦,૧૧,૧૨,
અમન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સંસ્કાર સ્કુલની સામે,
બલેશ્વર પાટીયા, તા.પલસાણા, જી. સુરત–૩૯૪૩૧૭.

**વિરુધ્ધ**

**રીસ્પોન્ડન્ટ :– કલીમ મહમદ નઈન શેખ.**
રહે. બલેશ્વરગામ, તા.પલસાણા, જી.સુરત. તથા
ગામનું સરનામું: ગામ દરીયાપુર, જી.પટણા
બિહાર–૮૦૦૦૦૧.

કે/ઓ. સુરત સિલ્ક લેબર યુનિયન
ઠે. ૧૧૧, ડો. આંબેડકર કોમર્શીયલ સેન્ટર, રીંગરોડ, સુરત.

**હાજર રહયા:–**
**એપેલન્ટ તરફે** : વિ. વકીલશ્રી શશીકાંત બી. ગોસ્વામી.
**રીસ્પોન્ડન્ટ તરફે** : બજેલ નથી.

**–: હુકમ :–**

(૧) સદર અપીલ આ કામના એપેલન્ટે બોમ્બે ઔદ્યોગિક સંબંધક ધારો–૧૯૪૬ કે જે હવે ગુજરાત ઔદ્યોગિક સંબંધક ધારા તરીકે ઓળખાય છે. (જેને

હવે પછી કાયદા તરીકે ઉલ્લેખવામાં આવશે.)ની કલમ−૮૪ હેઠળ દાખલ કરી ટી. અરજી નંબર:૪૨૮/૨૦૧૩માં મજૂર અદાલત, સુરતે તા.૧૮/૧૦/૨૦૨૪ના રોજ કરેલા આ કામના રીસ્પોન્ડન્ટને પડેલા દિવસોના પગાર અને પુન:સ્થાપનની દાદ પેટે ઉચ્ચક વળતર રૂા.૧,૫૫,૦૦૦/− નિયત સમયમાં ન ચુકવે તો વાર્ષિક ૯% ના વ્યાજ અને અરજી ખર્ચના રૂા.૫,૦૦૦/− સહિત ચુકવી આપવા કરેલ હુકમને રદ કરી સદર હુકમ હકુમત વિનાનો ગેરકાયદેસર અને ખોટો જાહેર કરવા દાદ માંગેલી છે.

(૨) એપેલન્ટે અપીલની સાથે આંક−૩ના લીસ્ટથી ટી. અરજી નં.૪૨૮/૨૦૧૩માં તા.૧૮/૧૦/૨૦૨૪માં થયેલા હુકમની ખરી નકલ રજુ કરેલી છે.

(૩) સામાવાળાને આંક−પથી મોકલવામાં આવેલી નોટિસ બીનબજે પરત આવેલી છે તે પછી એપેલન્ટ તરફે આંક−૭થી અરજી રજુ કરી રીસ્પોન્ડન્ટને નોટિસની બજવણી જાહેર નોટિસ દ્વારા કરવા નોટિસનો બીડો તેઓને આપવા દાદ માંગેલી જે મંજુર કરવામાં આવેલ અને આંક−૮ની નોટિસનો બીડો એપેલન્ટના એડવોકેટે મેળવેલો છે.

(૪) રીસ્પોન્ડન્ટને નોટિસની બજવણી માટેની જાહેર નોટિસનો બીડો મેળવી તેને સ્થાનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરી બજવણી માટેની કાર્યવાહી એપેલન્ટે કરવાની રહેતી હોવા છતાં બીડો મળ્યા બાદ એપેલન્ટ તરફે એકથી વધુ મુદત વિતવા છતાં કોઈ હાજર રહેલ નથી અને ૩ માસ ઉપરાંતનો સમય વિતેલો હોવા છતાં વર્તમાનપત્રમાં નોટિસની પ્રસિધ્ધી કરવા બાબતે કોઈ કાર્યવાહી કરેલ નથી. જેથી રીસ્પોન્ડન્ટને નોટિસની બજવણીના અભાવે સદર કેસ આગળ ચાલવાપાત્ર થતો ન હોઈ અને એપેલન્ટ દ્વારા રીસ્પોન્ડન્ટનો કોઈ નવુ સરનામુ પણ બજવણી અર્થે રજુ કરેલુ ન હોવાથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

**૧.** એપેલન્ટની અપીલ રીસ્પોન્ડન્ટને બજવણીના અભાવે તથા નવા સરનામાના અભાવે આથી રદ કરવામાં આવે છે.

**૨.** ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**સ્થળ: સુરત.**
**તારીખ:૦૬/૦૪/૨૦૨૬.**

**(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**જીજે૦૦૭૮૦**
**સભ્ય,**
**ઔદ્યોગિક અદાલત નં.૨, સુરત.**